# ૪ મે -૨૦૧૬ (બુધવાર)

**(૧) સચીન તેંડુલકર :**

મહાન ક્રિકેટર સચીન તેડુલકરને આગામી રિયો ઓલિમ્પિક્સ માટે દેશના ગુડવીલ એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે.

- તેમને ગુડવીલ એમ્બેસેડર બનાવવા માટે ઇન્ડિયન ઓલિમ્પીક અસોસીએશન દ્વારા મોકલાયેલું આમંત્રણ તેમણે સ્વિકારી લીધું છે
- સલમાન ખાન અને અભિનવ બિંદ્રા બાદ રિયો ઓલિમ્પિક્સ માટે દેશનો ગુડવીલ એમ્બેસેડર બનનાર ત્રીજી વ્યક્તિ છે.

**(૨) મનોજ કુમારને દાદાસાહેબ ફાળકે એવોર્ડ એનાયત ?**

- ૬૩માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડસમાં પીઢ અભિનેતા મનોજકુમારને દાદાસાહેબ ફાળકે એવોર્ડ એનાયત થયો.
- નવી દિલ્હી ખાતે યોજાયેલ આ એવોર્ડ સમારંભમાં અભિનેતા અમીતાભ બચ્ચનને તેમની ફિલ્મ 'પીકુ' માટે શ્રેષ્ઠ અભિનેતાના એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા

**પ્રશ્નો :**

(૧) તાજેતરમાં કોને રિયો ઓલિમ્પિક્સ માટે ભારતના ગુડવીલ એમ્બેસેડર બનાવવામાં આવ્યા ?

- સચીન તેંડુલકર

(૨) રિયો ઓલિમ્પિક્સ માટે ભારતના ગુડવીલ એમ્બેસેડર બનનાર સચિન કેટલામી વ્યક્તિ છે ?

- ત્રીજી

(૩) ઇન્ડિયન ઓલિમ્પિક એસોસીએશન દ્વારા અગાઉ કોને ગુડવીલ એમ્બેસેડર બનાવાયા છે ?

- (૧) સલમાન ખાન (૨) અભિનવ બિંદ્રા

(૪) તાજેતરમાં ક્યાં અભિનેતાને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી નવાજવામાં આવ્યા ?

- મનોજ કુમાર

(૫) તાજેતરમાં કેટલામાં રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ઉજવાયો ?

- ૬૩ મો

(૬) ૬૩મો રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ કયાં યોજાયો ?

- નવી દિલ્હી

(૭) ૬૩માં રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં કયાં અભિનેતાને બેસ્ટ અભિનેતાનો એવોર્ડ આપ્યો ?

- અમિતાભ બચ્ચન (ફિલ્મ 'પીકુ' માટે)

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧